# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઈન્સ, સુરત

Phone No: (0261)2662903, Fax No: 2662902, Email-suratdeo@gmail.com

જા.નં:મા-૧/૨૦૨૪/૫૫૯૫ તા.૧૮/૦૫/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

નીચે મુજબની શાળાઓ તમામ,

સુરત, જિ. સુરત.

**વિષય:** યુ.પી.એસ.સી. – ૨૦૨૪/૨૫ના તાલીમ વર્ગ માટે પ્રવેશ પરીક્ષાના કેન્દ્ર ફાળવવા બાબત.
**પરીક્ષા તારીખ: ૨૩/૦૬/૨૦૨૪**

**સંદર્ભ:** સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા(સ્પીપા), પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, સુરતના પત્ર ક્રમાંક: તાકેસુ/યુ.પી.એસ.સી./પ્રવેશ પરીક્ષા/૨૦૨૪/૧૨૯૯, તા.૧૭/૦૫/૨૦૨૪.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ઉક્ત સંદર્ભથી .પી.એસ.સી. – ૨૦૨૪/૨૫ના તાલીમ વર્ગ માટે પ્રવેશ પરીક્ષાના કેન્દ્ર ફાળવવા બાબતનો પત્ર અત્રે મળેલ છે. જે અનુસાર તા.૨૩/૦૬/૨૦૨૪ના યોજાનાર પ્રવેશ પરીક્ષા માટે પરીક્ષા કેન્દ્ર નીચે મુજબની શાળાઓમાં રાખવામાં આવેલ છે. સદર પરીક્ષાને લગત જરૂરી વ્યવસ્થા આપની કક્ષાએથી કરવા જણાવવામાં આવે છે.

| ક્રમ | શાળાનું નામ | બ્લોકની સંખ્યા | ઉમેદવારની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | સંસ્કારભારતી વિદ્યાલય, રાંદેર રોડ, સુરત | ૨૩ | ૬૯૦ |
| ૨ | સ્વામીનારાયણ વિદ્યાલય, રામનગર, સુરત | ૧૬ | ૪૮૦ |
| ૩ | રૂ. સી. મા પુણાવાલા સાર્વજનિક એક્સપરીમેન્ટલ સ્કૂલ, સુરત | ૧૫ | ૪૫૦ |
| ૪ | સી.સી. શાહ સાર્વજનિક અંગ્રેજી હાઇસ્કૂલ | ૧૫ | ૪૫૦ |
| ૫ | એલ. પી. સવાણી, ગુજરાતી માધ્યમ, પાલ | ૧૫ | ૪૫૦ |
| ૬ | એલ. પી. સવાણી, અંગ્રેજી માધ્યમ, પાલ | ૧૫ | ૪૫૦ |
| ૭ | શ્રીમતિ લક્ષ્મીબેન નરોત્તમભાઈ બેચરભાઈ દાળિયા હાઇસ્કૂલ | ૧૧ | ૩૩૦ |
| ૮ | વી.ડી.દેસાઈ વાડીવાળા(ભૂલકા ભવન) શાળા | ૧૦ | ૩૦૦ |
| ૯ | આઈ. એન. ટેકરાવાલા, પાલનપુર પાટિયા, સુરત | ૧૦ | ૩૦૦ |
| કુલ | | ૧૩૦ | ૩૯૦૦ |

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

**નકલ સવિનય રવાના:**

નાયબનિયામકશ્રી, પ્રાદેશિક તાલીમ કેન્દ્ર,(સ્પીપા), સુરત

# સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, (સ્પીપા)

SPIPA
Light the Lamp of Knowledge

પ્રાદેશિક તાલીમ કેન્દ્ર,
મણિરત્ન પાર્ક સોસાયટીની સામે, ગુજરાત ગેસ કંપની રોડ,
અડાજણ, સુરત-૩૯૫૦૦૯
ફોન નંબર : (૦૨૬૧) ૨૭૩૨૦૩૩
**E-Mail : srtdeputydirector@yahoo.co.in**


| જા.નં. - તાકેસુ/યુ.પી.એસ.સી./પ્રવેશ પરીક્ષા/૨૦૨૪/ ૨૯૧ | તા. ૧૭/૦૫/૨૦૨૪ |
|---|---|

પ્રતિ,
જીલ્લા શિક્ષણાધિકારી શ્રી,
જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી
સુરત

વિષય :- યુ.પી.એસ.સી.-૨૦૨૪/૨૫ના તાલીમ વર્ગ માટે પ્રવેશ પરીક્ષાના કેન્દ્ર ફાળવવા બાબત.

સંદર્ભ :- સ્પીપા, અમદાવાદના તા. ૧૬/૦૫/૨૦૨૪ના પત્રક્રમાંક :-
પરક્ષ/યુ.પી.એસ.સી/૨૦૨૩-૨૪/પ્રવેશ પરીક્ષા/૨૦૨૪/પ.પ્ર.

ઉપરોક્ત સંદર્ભના અન્વયે સવિનય જણાવવાનું કે, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા), અમદાવાદ દ્વારા યુ.પી.એસ.સી. - ૨૦૨૪/૨૫ ના તાલીમ માટેના પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ માટેની પ્રથન તબક્કાની પ્રવેશ પરીક્ષા તા.- ૨૩/૦૬/૨૦૨૪ના રોજ યોજવાનું નિયત કરેલ છે. આ પરીક્ષા સુરત ખાતે પણ યોજાવાની હોય પરીક્ષાની બેઠક વ્યવસ્થા અને પરીક્ષાર્થીની સંખ્યા ૩૯૦૦ ધ્યાને લઇને પરીક્ષા કેન્દ્રની ફાળવણી કરવાની થાય છે. સદરહુ પરીક્ષા બે કલાકનું એક સેશન એવા બે સેશનમાં યોજાશે અને બ્લોક દીઠ ૩૦ ઉમેદવાર લેખે વ્યવસ્થા કરવાની છે. જેથી નીચે મુંજબની શાળાઓને પરીક્ષા કેન્દ્ર તરીકે ફાળવી આપવા વિનંતી.

| ક્રમ નં. | શાળાનું નામ | બ્લોકની સંખ્યા | ઉમેદવારની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | સંસ્કારભારતી વિદ્યાલય, રાંદેર રોડ, સુરત | ૨૩ | ૬૯૦ |
| ૨ | સ્વામિનારાયણ વિદ્યાલય, રામનગર, સુરત | ૧૬ | ૪૮૦ |
| ૩ | રૂ. સી. મા પુણાવાલા સાર્વજનિક એક્સપરીમેન્ટલ સ્કુલ, સુરત | ૧૫ | ૪૫૦ |
| ૪ | સી. સી. શાહ સાર્વજનિક અંગ્રેજી હાઇસ્કુલ | ૧૫ | ૪૫૦ |
| ૫ | એલ. પી. સવાણી, ગુજરાતી માધ્યમ, પાલ | ૧૫ | ૪૫૦ |
| ૬ | એલ. પી. સવાણી, અંગ્રેજી માધ્યમ, પાલ | ૧૫ | ૪૫૦ |
| ૭ | શ્રીમતી લક્ષ્મીબેન નરોત્તમભાઇ બેચરભાઇ દાળિયા હાઇસ્કુલ | ૧૧ | ૩૩૦ |
| ૮ | વી. ડી. દેસાઇ વાડીવાલા (ભુલકા ભવન) શાળા | ૧૦ | ૩૦૦ |
| ૯ | આઇ. એન. ટેકરાવાલા, પાલનપુર પાટીયા, સુરત | ૧૦ | ૩૦૦ |
| | કુલ | ૧૩૦ | ૩૯૦૦ |

નાયબ નિયામક
પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, (સ્પીપા)
સુરત

બિડાણ :- સ્પીપા, અમદાવાદનો પત્ર

સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા)
ઇસરો સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ, ગુજરાત ૩૮૦ ૦૧૫
ફોન : (૦૭૯) ૨૬૮૧ ૮૯૦૦ ફેક્સ : (૦૭૯) ૨૬૮૧ ૭૪૫
www.spipa.gujarat.gov.in

ક્રમાંક:- પરક્ષ/યુ.પી.એસ.સી/૨૦૨૩-૨૪/પ્રવેશ પરીક્ષા/૨૦૨૪/પ.પ

તા૧૫/૦૫/૨૦૨૪

પ્રતિ,
સંયુક્ત/નાયબ નિયામકશ્રી,
પ્રાદેશિક તાલીમ કેન્દ્ર
વડોદરા, સુરત, રાજકોટ, મહેસાણા

વિષય:- યુપીએસી સિવિલ સર્વિસિઝ સ્ટડી સેન્ટરના તાલીમ વર્ગ માટે યોજાનાર પ્રવેશ પરીક્ષા ૨૦૨૪-૨૫ બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, યુપીએસસી દ્વારા લેવાતી સિવિલ સર્વિસિઝ પરીક્ષાની તૈયારી માટે સ્પીપા દ્વારા ચલાવવામાં આવતા પ્રશિક્ષણ વર્ગને અનુલક્ષીને વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રશિક્ષણ વર્ગ માટેની પરીક્ષા અમદાવાદ, વડોદ્રા, સુરત, રાજકોટ અને મહેસાણા ખાતે તા.૨૩/૦૬/૨૦૨૪ના રોજ યોજવામાં આવશે.જે અન્વયે પ્રવેશ પરીક્ષાની બેઠક વ્યવસ્થાના હેતુસર, આપના શહેરની જુદી જુદી શાળા/કોલેજોનો સંપર્ક કરી પરીક્ષા કેન્દ્રો નક્કી કરી તેની જાણ કરવા જણાવવામાં આવે છે. ઉક્ત પરીક્ષામાં બે કલાકનું એક તથા દોઢ કલાકનું બીજુ એમ બે સેશન રહેશે અને બ્લોક દીઠ ૩૦ પરીક્ષાર્થીઓ લેખે ગણતરી કરવાની રહેશે.

ગત વર્ષની સંખ્યા કરતાં ૧૦% સંખ્યા હાલમાં વધુ ગણી પરીક્ષા કેન્દ્રો માટે વ્યવસ્થાની કામગીરી શરૂ કરવા વિનંતી છે.

સદર બાબતની ચર્ચા માટે માન. નાયબ મહાનિર્દેશકશ્રીના અધ્યક્ષ સ્થાને આગામી તા.૨૧/૦૫/૨૦૨૪ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે વર્ચ્યુઅલ મિટીંગનું આયોજન કરવામાં આવશે. જેની Google Meet Link હવે પછી અલગથી મોકલવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી છે.

સંયુક્ત નિયામક (પરીક્ષા)
સ્પીપા, અમદાવાદ